ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૦ ટકા



શહેરમાં વિવિધ શાળાઓના વાર્ષિકોત્સવની મૌસમ ચાલી રહી છે. જેમાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના કૌશલ્યકૌવતનું નિદર્શન કરી રહ્યા છે. શહેરની પ્રિ-પ્રાયમરી સ્કૂલસ્માર્ટ કિડઝનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સ્કૂલના ભૂલકાંઓએ વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કૃતિઓ પ્રસ્તુત કરી પ્રેક્ષકોને પ્રભાવિત કર્યા હતા.


# સિવિલ હોસ્પિટલમાં સ્ટીલના નળ ચોરતી ટોળકી સક્રિય

## પાણી વિના દર્દીઓ તેમજ મુલાકાતીઓની હાલત કફોડી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલમાંથી છાશવારે વાહન ચોરીના બનાવો બની રહ્યા છે. સિવિલ કેમ્પસમાંથી વાહનચોરતી ગેંગ હજુ પકડાઈ નથી. ત્યારે ચોર ટોળકી માટે કેમ્પસ સોફ્ટ ટાર્ગેટ બનતું જાય છે. સિવિલની ૬૦૦ બેડની ઈમારત અને પાંચ માળની ઓપીડી બિલ્ડીંગમાંથી સ્ટીલના નળની ચોરી થવા પામી છે. સિવિલ તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે પ્લાસ્ટીકના નળ પણ ફીટ કર્યા નથી અને ડાયરેકટ લાઈન જ બંધ કરી દીધી છે. શૌચાલયમાં પાણીનું કનેકશન ન હોવાથી દર્દીઓ તેમજ મુલાકાતીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને હિમોડાયાલીસસની



સારવાર થાય છે. મેડીકલ કોલેજને પગલે સ્ટાફ વધતા આરોગ્યલક્ષી સુવિધા પણ વધારવામાં આવી છે. જેથી દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. ત્યારે પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈમારતમાં શૌચાલયમાં મોંઘાદાટ નળ ફીટ કરવામાં આવ્યા હતા. પરંતુ તસ્કર ટોળકીના નિશાને શૌચાલયના નળ પણ આવી ગયા હોય તેમ લાગી રહ્યું છે. ઓપીડી વિભાગમાં આવેલા તમામ શૌચાલયોમાંથી તેમજ આઠમાળની બિલ્ડીંગના બહાર તેમજ અંદરની સાઈડ આવેલા સંડાસ-બાથરૂમ, વોશ-બેઝીન સહિતના સ્થળો પરથી નળની ચોરી થઈ ગઈ છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી નથી. જે નળની ચોરી થઈ ગઈ કે નીકાળી દેવામાં આવ્યા છે તે તપાસનો વિષય છે. તો બીજીતરફ તંત્ર દ્વારા શૌચાલય તેમજ અન્ય સ્થળો પર પ્લાસ્ટીકના નળ પણ ફીટ કરવામાં આવ્યા નથી. ત્યારે પાણી વિના દર્દીઓ તેમજ મુલાકાતીઓની હાલત કફોડી બની જવા પામે છે. ત્યારે ઓપીડી અને ઈન્ડોર વિભાગમાં ચોરી થઈ ગયેલા સ્ટીલના નળના સ્થાને પ્લાસ્ટીકના નળ ફીટ કરવામાં આવે તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

# ઘ-૦ થી ગ-૦ તરફના વિસ્તારમાં ઉભી થઈ રહેલી માનવ વસાહત

## સ્માર્ટ સીટી અંતર્ગત શહેરમાંથી ઝુંપડા હટાવવાની કામગીરી પુરજોશમાં

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં હાલના સમયે તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ ચાલી રહી છે. શહેરમાં જાહેર મોટા સમારોહ હોય ત્યારે લારી-ગલ્લા ધારકો અને ઝુંપડા ધારકોને તંત્ર દ્વારા હટાવી દેવામાં આવે છે. તો બીજીતરફ વનવિભાગના તંત્ર દ્વારા ફેન્સીંગની તારની વાડ કરી લેતા વેપારીઓ મુસીબતમાં મુકાઈ ગયા છે. ત્યારે શ્રમિક પરિવારોએ તંત્રની નજર ના પડે તેવી જગ્યા પર આખે આખી માનવ વસાહત ઉભી થઈ રહી છે. ઘ-૦ થી ગ-૦ તરફના માર્ગ પર જંગલમાં અંદર જતા અનેક ઝુંપડા ખડકાઈ ગયા છે. તંત્રની નજર પણ ના પડે અને રોજ રોજ હટાવવાની ઝંઝટને પગલે નવી વસાહત ઉભી કરવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે.

સ્માર્ટ સીટી અંતર્ગત શહેરમાંથી ઝુંપડા હટાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. તંત્ર દ્વારા લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો પણ દુર કરવામાં આવે છે. તંત્રના અધિકારીઓ મેન અને મશીનરીનો ઉપયોગ કરી દબાણ હટાવ કામગીરી કરી રહ્યા છે. મોટાભાગના દબાણો દુર થતા ઝુંપડા ધારકોએ શહેરી વિસ્તારમાં આવેલા ખાનગી ખેતરમાં આશરો લીધો છે. ત્યારે શહેરમાં યોજાતા રોજ નીતનવા સમારોહને પગલે ઝુંપડા ધારકો પણ હેરાન પરેશાન થઈ ગયા હતા. જેથી શહેરથી દુર કોઈની નજર ના પડે તેવી જગ્યા શોધી કાઢી છે. શહેરના સે-૩ ન્યુ ના વનવિભાગની ખાલી પડેલી જંગલ વિસ્તારમાં મોટાભાગના ઝુંપડા ધારકો અંદર કોઈની નજર ના પડે તે રીતે મોટા તોંતિગ ઝુંપડા બાંધી દીધા છે આ સ્થળે એક મોટી વસાહત ઉભી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. આસપાસના એરીયામાં લારીઓ પણ મોટાપાયે ઉભી થઈ ગઈ છે. લારીઓ વાળા પણ દબાણ આવે તો પોતાની લારીઓ જંગલ વિસ્તારમાં અંદર ઉભી કરી આવે છે. જેથી કોઈની નજર ના પડે.

## @ગાંધીનગર

● ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સવારે ૧૧ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ બપોરે ૩ કલાકે સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાશે.

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૩-એ પ્લોટ નં. ૧૨૫૯/૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાની રેલી બપોરે ૨ કલાકે સે-૬ સત્યાગ્રહ છાવણીથી પ્રારંભ થશે.

● ભાજપ સંમેલન સે-૧૬ રંગમંચ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● એ.આઈ.સી.સી. સેક્રેટરી જીતેન્દ્ર બઘેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા બેઠક અંગે અગત્યની બેઠક સવારે ૧૦.૩૦ કલાકે ગાંધીનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાશે.

## આજે જુના સામયિકનું સે-૧૭ના ગ્રંથાલયમાં વેચાણ યોજાશે

ગાંધીનગર, તા.૨

રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ગાંધીનગર ખાતે તા. ૩જી ફેબ્રુઆરીના રવિવારે સવારે ૯ થી બપોરના ૧ કલાક દરમિયાન જુના સામયિકના વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવતા નગરજનોને લાભ લેવા ડૉ. પંકજ ગૌસ્વામી ગ્રંથપાલ એ જણાવેલ છે.

ગાંધીનગરના સેકટર-૭ ખાતે એની એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકોમાં સ્વચ્છતા જાગૃતિ આવે તે હેતુથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં રમેશચંદ્ર પંડયાએ બાળકોને યોગના મહત્વને સમજાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ભરત ગજ્જરે બાળકોને જીવનમાં શિસ્તનું મહત્વ શું છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન સામાજીક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ બાળકોને સ્વચ્છતાના પાઠ ભણાવ્યા હતા. કાર્યક્રમના સમાપને બાળકોને શુભેચ્છા ભેટ અપાઈ હતી.





## સે-૨૪માં શીતલનાથ ભગવાનનું જન્મ-દીક્ષા કલ્યાણક ઉજવાયું

ગાંધીનગરના સેકટર-૨૪ સ્થિત જૈન દરાસર ખાતે બિરાજમાન મૂળ નાયક ભગવાન શીતલનાથના જન્મ તથા દીક્ષા કલ્યાણકની ઉજવણી શુક્રવારે કરાઈ હતી. જેમાં પ્રભુજીને અઢાર પ્રકારના અભિષેક કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જૈન આચાર્ય પૂ. અરૂણોદય સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે આદીઠાણા અને નિશ્રા પ્રદાન કરી હતી. સમગ્ર ઉત્સવમાં શહેરના સકળ જૈન સંઘે મોટી સંખ્યામાં ઉમળકાભેર ભાગ લીધો હતો.

## સેક્ટર-૨૮ માંથી વધુ એક એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨

શહેરમાં દિનપ્રતિદિન વાહનચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ એક્ટિવાની ઉઠાંતરીની ઘટના પ્રકાશમાં આવી છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮માં આવેલા પ્રમુખરાજ એપાર્ટમેન્ટમાંથી એક એક્ટિવાની ચોરીની ઘટના બની છે. પ્લોટ નંબર-૨૩૦માં રહેતાં નિશાર અહેમદ મનસુરીના સંબંધી ૨૨ જાન્યુઆરીના રોજ પોતાનું એક્ટિવા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં મુકીને ગયા હતા. ૨૭ જાન્યુઆરીના રોજ મકાન માલિક સાંજે હિંમતનગર ગયા હતા અને રાત્રે સવા નવ વાગ્યે પરત આવ્યા ત્યારે પાર્કિંગમાંથી એક્ટિવા ગુમ હતું. ચોરી થયેલા સફેદ કલરનાં જીજે ૧૮ સીજે ૭૮૬૮ નંબરમાં એકટીવાની શોધખોળ કરવા છતાં ન મળતા તેમણે આ અંગે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# દારૂની બોટલો ભરેલો થેલો લઈને ઉભેલો યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૨

અડાલજ પોલીસ ગઈકાલે સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાલાપીર ચોકડી પાસે થેલો લઈને ઊભેલો એક યુવાન શંકાસ્પદ જણાતા તેનુ ચેકિંગ કરવામાં આવ્યું હતું. થેલો લઈને ઉભેલા રાજસ્થાની યુવાન પાસેથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. અડાલજ પોલીસે રાજસ્થાની ખેપીયાને ૧૪ બોટલ સાથે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસની ટીમ ગઈ સાંજે પેટ્રોલિંગમાં હતી ત્યારે અડાલજમાં બાલાપીર ચોકડી પાસે એક શખ્સ થેલો લઈને ઉભેલો જોવા મળ્યો હતો. તેના પર શંકા જતા પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં તેના થેલામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેના આધારે પોલીસે રાજસ્થાનના ભીલવાડાના ભુતેલાગામના ૨૨ વર્ષિય ભવરસિંગ ભેરૂસિંગ ગુર્જર નામના શખ્સને દબોચી લીધો હતો. તેની પાસેથી વિદેશી દારૂની ૭૩૨૨ની કિંમતની ૧૪ બોટલો મળી આવી હતી તે કબ્જે કરી લેવામાં આવી છે. પોલીસે ખેપીયાની સામે ગુનો નોંધીને તે દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની તપાસ શરૂ કરી છે.

# શ્રમજીવી વર્ગના બાળકો માટે લાઈવ ગરબા કોન્સર્ટ 'સમી સાંજ' યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેવાભાવી યુવાનોના સ્વૈચ્છિક સંગઠન 'આપણું ફાઉન્ડેશન' દ્વારા શહેરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા શ્રમજીવી વર્ગના બાળકો માટે લાઈવ ગરબા કોન્સર્ટ 'સમી સાંજ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૪મી ફેબ્રુઆરીએ ઘ-૫ ઓપન થીએટર ખાતે સાંજે ૬ કલાકે યોજાનાર 'સમી સાંજ'માં જાણીતા કલાકારો જીગ્નેશ કવિરાજ તથા અમિતા પટેલ પ્રાચીન-અર્વાચીન ગરબાની રમઝટ જમાવશે.

આપણું ફાઉન્ડેશન દ્વારા અવારનવાર શહેરની સરકારી પ્રાથમિક શાળાઓના શ્રમજીવી વર્ગના બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી તેમની પ્રતિભાને નિખારવા તક આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. 'સમી સાંજ' કાર્યક્રમ પણ આ પ્રકારે જરૂરિયાતમંદ પરિવારના બાળકોને સુઆયોજિત લાઈવ કોન્સર્ટમાં ગરબો ઘુમવાનો મોકો પુરો પાડશે. આ કાર્યક્રમમાં અંદાજે ૧૫૦૦ જેટલા બાળકો અને તેમના વાલીઓ જોડાશે તેવા અંદાજ સાથે કાર્યક્રમ અવિસ્મરણીય બની રહેશે તેવો સંસ્થાના કાર્યકરોનો દાવો છે. આર્થિક રીતે નબળા વર્ગના આ બાળકોને પ્રોત્સાહિત કરવા સંસ્થા દ્વારા શહેરના દાતાઓ સમક્ષ દાન, સ્પોન્સરશીપ કે જાહેરાત સ્વરૂપે મદદરૂપ થવા ટહેલ નાંખવામાં આવી છે જે માટે દાતાઓએ સંસ્થાના કાર્યકરોનો મો.નં. ૯૪૨૯૯ ૬૬૭૫૪ અથવા મો.નં. ૯૦૩૩૫ ૯૦૯૧૬ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.



## નારદીપુરનું ગૌરવ

ગાંધીનગર, તા.૨

ગુજરાત હિસાબી સેવા વર્ગ-૧ની નાયબ નિયામકની જગ્યા ઉપર ફરજ બજાવતા પાંચ અધિકારીઓને નાણાં વિભાગે બઢતીઓ આપી છે. આ અધિકારીઓને ગુજરાત હિસાબી સેવાવર્ગ-૧ની સંયુકત નિયામકની જગ્યાઓ પર હંગામી ધોરણે બઢતી આપવામાં આવી છે. જેમાં વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી ગાંધીનગરના મુખ્ય હિસાબી અધિકારી વી.બી. ચાવડાને પણ બઢતી મળતા પરિવારજનો અને સ્નેહીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

મૂળ નારદીપુર ગામના વિજયસિંહ બાલુભા ચાવડા (વી.બી. ચાવડા) ગાંધીનગર સ્થિત વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીમાં મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવે છે. નાણાં વિભાગે વી.બી. ચાવડાની બઢતી સંયુકત નિરીક્ષક તરીકે કરી છે અને (મનપા-ઓડિટ) સ્થાનિક ભંડોળ હિસાબ (સ.મુ.) ગાંધીનગર ખાતે નિમણુંક કરી છે. વી.બી. ચાવડા બી.બી. ગૌરની વયનિવૃત્તિથી ખાલી પડેલ જગ્યા પર ફરજ બજાવશે. ચાવડાની બઢતીથી નાદરીપુર ગામનું ગૌરવ વધ્યું છે. પરિવાર, સ્નેહીજનો અને મિત્રોએ વી.બી. ચાવડાને અભિનંદન પાઠવ્યા હતા.

## કે.એન. ચાવડાની અધિક કલેકટર તરીકે બઢતી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સે-૨૫માં રહેતા અને હાલ દાતા પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા કે.એન. ચાવડાને અધિક કલેકટર તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી સાથે તેમનો હાલની જગ્યાએ જ યથાવત રખાયા છે. ચાવડા અગાઉ ગાંધીનગર કલેકટર કચેરીમાં ડેપ્યુટી કલેકટર તરીકે અને નોટીફાઈડ એરિયામાં પણ ફરજ બજાવી ચૂકયા છે.

# ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરીને ભાગી ગયેલો પડોશી પકડાયો

## ગાંધીનગર જિલ્લાના રખિયાલ નજીકના એક ગામના શ્રમિક યુવાનની દીકરીને તેના જ ગામનો શ્રમિક યુવાન ઉઠાવી ગયો હતો: પખવાડિયા બાદ બાલાસિનોર પોલીસનાં હાથે અપહૃત દીકરી સાથે અપહરણકાર ઝડપાઈ ગયો : ભુવા-ભરાડીમાં પડેલા દીકરીના પિતાએ પોલીસ ફરિયાદ પણ મોડી કરી હતી

ગાંધીનગર, તા.૨

વાસી ઉત્તરાયણના બીજા દિવસે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા એક ગામમાંથી ત્રણ વર્ષની બાળકીનું અપહરણ થવા પામ્યું હતું. પડોશમાં રહેતો તેમના જ ગામનો એક શ્રમિક યુવાન આ બાળકીનું અપહરણ કરીને ભાગી ગયો હોવાનું બહાર આવ્યું છે. મોડી રાત્રે બાળકીને તેડીને બાલાસિનોર તરફ ફરી રહેલા આ શખ્સને બાલાસિનોર પોલીસે પકડી પાડ્યો છે. મોડી રાત્રે બાળકીને લઈને ફરી રહેલા આ શખ્સ પર શંકા જતા પોલીસે તેની પૂછપરછ કરી હતી. દરમિયાન બાળકીને મૂકીને ભાગવાનો પ્રયત્ન કરતાં પોલીસે તેને દબોચી લીધો હતો. કડક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે રખિયાલ પાસેના એક ગામમાંથી આ બાળકીને તેણીના માતા-પિતાની જાણ બહાર આ શખ્સ ભગાડીને આવી ગયો હતો. અપહૃત બાળકી સાથે અપહરણકાર આરોપીને પકડી પાડી બાલાસિનોર પોલીસે રખિયાલ પોલીસને સોંપી દીધા છે. અપહૃત ત્રણ વર્ષની દીકરી પરત મળી આવતા તેના પરિવારના સભ્યોના જીવમાં જીવ આવી ગયો છે.

મળતી માહિતી મુજબ ૧૬ જાન્યુઆરીના રોજ રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા એક ગામમાંથી ત્રણ વર્ષની બાળકીનું વહેલી સવારે સાત વાગ્યાના અરસામાં અપહરણ થઈ ગયું હતું. બાળકીના માતા-પિતાએ ચાર પાંચ દિવસ સુધી આસપાસમાં



ખૂબ શોધખોળ કરી પરંતુ દીકરીનો પતો લાગતો ન હતો. અપહૃત બાળકીના પિતા ભુવા-ભરાડીમાં માનતા હોવાથી ગોધરાના ભુવા સાથે તેમણે સંપર્ક કર્યો હતો અને ભુવાએ કહ્યું હતું કે ચિલોડા પાસે તેમની દીકરી ફરે છે. અંધશ્રદ્ધામાં માનીને અપહૃત દીકરીના પિતાએ બે દિવસ સુધી ચિલોડા આખું ફેંદી નાખ્યું..! ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને પણ ઉઠાડી ઉઠાડીને પોતાની અપહૃત દીકરી અંગે પુછ્યુ..! પરંતુ ક્યાંયથી તેના સગડ ન મળ્યા..! દીકરીના પિતાએ ફરી તે ભૂવાનો સંપર્ક કર્યો ત્યારે ભૂવાએ કહ્યું કે તમે ચારેક દિવસ ક્યાંય જતા નહિ દીકરી આપોઆપ ઘરે આવી જશે..! દીકરીના પિતાએ તેમ પણ કર્યું પરંતુ દસ દસ દિવસ વીતી ગયા છતાં દીકરી ઘરે પરત ન આવતાં આખરે ભુવાને છોડીને દીકરીના પિતાએ રખિયાલ પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. એક તરફ રખિયાલ પોલીસે આ ગુનાની તપાસ શરૂ કરી જેમાં અપહૃત દીકરીના પિતાએ ફરિયાદમાં પણ તેના પડોશી પર આશંકા વ્યક્ત કરી હતી. અવારનવાર ચોકલેટ અને પડીકું અપાવવા લઈ જતો પડોશમાં રહેતો અને તેના ગામનો જ યુવાન ભલા ઉદા નાયક તેને દીકરીને લઈ ગયો હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું. એક તરફ રખિયાલ પોલીસે આ દિશામાં તપાસ કરી રહી હતી તો બીજી તરફ ૩૧ જાન્યુઆરીના રોજ મોડી રાત્રે બાલાસિનોર પોલીસના હાથે આ અપહરણકાર પકડાઈ ગયો હતો. બાલાસિનોર પોલીસની ટીમ મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક ચોકડી નજીક ત્રણ વર્ષની બાળકીને લઈને ઊભેલો શકમંદ જોવા મળતા પોલીસે તેને ઊભો રાખીને પૂછપરછ કરી હતી. દીકરી કોની છે અને પોતે ક્યાંથી આવ્યો છે તે સહિતની પૂછપરછ શરૂ કરતા ભલા ઉદા નાયક નામનો શખ્સ ભાંગી પડયો હતો અને ત્રણ વર્ષની દીકરીને મૂકીને ભાગવાનો પ્રયત્ન કરતા પોલીસે તેને દબોચી લીધો હતો. સઘન પૂછપરછમાં બહાર આવ્યું કે ૧૬ જાન્યુઆરીએ તેણે પડોશીની આ દીકરીને ગાંધીનગર જિલ્લાના રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા એક ગામ પાસેથી તેણીના માતા પિતાની જાણ બહાર ઉઠાવી લીધી હતી. ભલા ઉદા નાયકની કેફિયત હતી કે તેને આ દીકરીમાં પોતાની દીકરી નજર આવતી હતી અને આ દીકરી તેને ખૂબ ગમતી હોવાથી તેણીને લઈને ભાગી ગયો હતો. રખિયાલ પોલીસે અપહરણકાર ભલા ઉદા નાયકની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ અપહૃત દીકરી પરત ઘરે આવી જતા તેના માતા-પિતા સહિત પરિવારના સભ્યોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે.

## ચિરવિદાય

- સ્વ. ચાંદાબેન ગલાજી બિહોલા, ઉ.વ. ૯૦
- સ્વ. મહાવીરસિંહ કુંપાલસિંહ દેવલ, ઉ.વ. ૨૦
- સ્વ. નરેન્દ્રકુમાર મુળજીભાઈ બારોટ, ઉ.વ. ૫૬
- સ્વ. લક્ષ્મણભાઈ બબાજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. પુરૂષોત્તમદાસ શંકરલાલ પંચાલ, ઉ.વ. ૮૧
- સ્વ. હિંમતસિંહ સરદારસિંહ બિહોલા, ઉ.વ. ૮૫
- સ્વ. અમરસિંહ ફુલસિંહ વાઘેલા, ઉ.વ. ૬૮